ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ / ૯૩૬૦ તા. 27 JUN 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
વસુંધરા કોટન એન્ડ ઓઇલમીલ
જામનગર માળીયા હાઇવે નં. ૬,
ખારચીયા
જી. :મોરબી, પીનકોડ. : ૩૬૩૬૬૫ મોબાઈલ :૯૯૭૮૮૮૮૫૬૮

વિષય : વાર્ષિક બિલ ગણતરી માં ભૂલ ભરેલી હોય તેવું જણાય છે તો રિવાઈઝ ગણતરી કરી બિલ આપવા બાબત.
સંદર્ભ : વસુંધરા કોટન એન્ડ ઓઇલમીલ ની રજુઆત તારીખ: ૨૪.૦૨.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૪૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર રૂરલ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં.: ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ 4360 તા.. 27.06.22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલ C/O. ગામ – ખારચીયા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર રૂરલ

:: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: મંગળવાર (૨૪-૦૫-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૦૫-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા અને અરજદાર શ્રી પ્રકાશભાઈ મોહનભાઈ સામાણી હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો એચટી. ગ્રાહક ન. ૨૭/૧૮૯ સીઝનલ અનુસંધાને ગામ ખારચીયા આમરણ એટલે કે જામનગર ગ્રામ્ય માં PGVCL ના ગ્રાહક છીએ. અમો જામનગર ગ્રામ્ય કચેરી હેઠળ આવતા ખારચીયા ગામે એચ.ટી. વીજ જોડાણ ગ્રાહક ન.૨૭/૧૮૯ સીઝનલ થી વસુંધરા કોટન એન્ડ ઓઇલમીલ ૨૫૦ KVA નું વીજજોડાણ ધરાવીએ છીએ.વધુ આપને જણાવવાનું કે અમારા દ્વારા આ વીજ જોડાણ બાબતે સીઝનલ ટેરિફ માટેની અરજી તા. ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ

કરવામાં આવેલી હતી જે અરજી કોરોના મહામારી હોવાને કારણે અરજી વિલંબથી રજુ થયેલ હોય. અને અમો સંચાલકો કોરોના વાઇરસ થી ગ્રસ્ત થયેલ હોય.પરંતુ આ બાબતે અમોને અન્યાય જ થયેલ હોય તેમ જણાય છે કે જાન્યુઆરી ૨૨ બિલમાં સીઝનલ ગ્રાહકો હોય તે બિલ માં એન્યુઅલ મિનિમમ ચાર્જ ની ગણતરી માથે અમોને કુલ બિલ રૂ. ૬,૪૮,૧૩૨=૧૮ નું આપેલ હોય જેમાં સીઝનલ બાબતે એન્યુઅલ મિનિમમ ચાર્જનો તફાવત રૂ. ૫,૬૩,૪૫૬=૫૦ ગણતરી સામેલ કરેલ છે.આમ આ બિલની ગણતરી જોતા અમોને એવું જણાય છે કે જાન્યુઆરી ૨૧ થી માર્ચ ૨૧ ના વપરાશના યુનિટમાં એન્યુઅલ મિનિમમ ચાર્જની ગણતરી સામેલ કરેલ નથી. તેવું અમોને જણાય છે.એન્યુઅલ મિનિમમ ચાર્જ માં બારમાસનો વપરાશ ગણી અને વધઘટના ઓછા વપરાશનું બિલ અમોને આપવું જોઈએ પરંતુ અમારી અરજી કોરોના ને કારણે વિલંબ થી આપને મળેલ હોય જેથી કરીને અમારા જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૨૧ ના બિલને એન્યુઅલ ગણતરી માં ધ્યાનમાં ન લીધેલ હોય તેવું જણાય છે. જેથી અમોને આ બિલ ભૂલ ભરેલું આપેલ હોય તેવું જણાય છે. તો આ બાબતે યોગ્ય ગણતરી લઈને બિલમાં સુધારો કરી આપશો,અમોને યોગ્ય બિલ એટલે કે જાન્યુઆરી ૨૧ થી માર્ચ ૨૧ ના વપરાશને એન્યુઅલ કેલેન્ડર માં ગણતરીમાં સમાવી લઈ અમોને યોગ્ય એન્યુઅલ મિનિમમ ચાર્જનું બિલ આપવા નમ્ર વિનંતી. અમો આ બિલ મળ્યે તુરંત ઓર્ડર આવે ભરી આપશું. કન્વિનિયર સાહેબ શ્રી નમ્ર વિનંતી કે કોટન ઇન્ડસ્ટ્રીઝ ની સીઝનલ ઇન્ડસ્ટ્રીઝ તરીકે ધ્યાનમાં લેવામાં આવેલ હોય જે બાબતે સીઝનલ લેટર દેવાની ડિસેમ્બર મહિનામાં દેવાની કોઈ જરૂરિયાત નથી લાગતી. તથા આ સાથે બિલ તથા સીઝનલ ગણતરી ની શીટ મોકલાવેલ છે તો અમો આશા રાખીએ છીએ. કે ગ્રાહક તકરાર નિવારણ ફોર્મ માં થી અમોને કાયદેસર નો ન્યાય મળે એવા વિશ્વાસ સાથે આ બાબતે અગાઉ અમોએ કોર્પોરેટ ઓફિસમાં રજુઆત કરેલ હોય પરંતુ હજુ સુધી જવાબ આવેલ નથી જેથી આપનો સહકાર મળે તેવી આશા. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલ ગામઃ ખારચીયા તા. જી : મોરબી કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) મુળ અરજદારનુ નામ | : વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલ |
| ૨) ફરીયાદીનુ નામ અને સરનામુ | : વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલ, જામનગર માળીયા હાઈવે નં.૬, ગામઃ ખારચીયા, તા.જીઃ મોરબી |
| ૩) સીઝનલ અરજી તારીખ | : તા. ૦૭.૦૪.૨૦૨૧ |
| ૪) ગ્રાહક નંબર | : ૨૭૧૮૯ (એચ.ટી) |
| ૫) વિજભાર | : ૨૫૦ કિ.વો. |

સદર ગ્રાહકે એચ.ટી. ઔધોગીક વિજ જોડાણમાં સીઝનલ લાભ મેળવવા માટેની અરજી તા. ૨૪.૦૨.૨૦૨૨ નાં રોજ વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલના નામથી ફરીયાદ નામદાર ફોરમમાં કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

3.૧ વસુંધરા કોટન એન્ડ ઓઇલ મીલ ગ્રાહક નંબર ૨૭૧૮૯ થી ૨૫૦ કી.વો. નુ એચ.ટી. જોડાણ કોટન એન્ડ ઓઇલ મીલ માટે વપરાશમાં લેવામાં આવેલ છે. સદર ગ્રાહકને સીઝનલ બાબતે લાભ લેવા માટે GERC ના સપ્લાય કોડ અને પીજીવીસીએલ કંપનીની ગાઇડ લાઇન મુજબ સીઝનલ લાભ જે માસથી મેળવવો હોય



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

તેના એક માસ અગાઉ પીજીવીસીએલ કચેરીને લેખીત જાણ કરવાની થતી હોય છે. સદર કેઇસમાં ગ્રાહકે સીઝનલ લાભ એપ્રીલ-૨૧ થી સપ્ટે-૨૧ સુધીના સમય માટે સીઝનલ લાભ મેળવવાની અરજી ગ્રામ્ય વિભાગીય કચેરીને ઇન્વર્ડ નંબર ૨૮૬૬ તા. ૦૭.૦૪.૨૦૨૧ થી મળેલ છે. આ મુજબની અરજી બાબતે યોગ્ય સમયે અરજી થયેલ નથી સદર બાબતે ગ્રાહકને "વર્ષના વચ્ચે અરજી કરવાથી આપના સીઝનલ વાર્ષીક ચાર્જ માં આપને નુકશાન જશે" તેવુ ગ્રાહકને મોખીક જણાવેલ તેમ છતા પણ ગ્રાહક દ્વારા વર્ષના વચ્ચેથી સીઝનલ માટેની અરજી કરેલ છે.

૩.૨ આમ તેમની અરજીના આધારે એપ્રીલ-૨૦૨૧ થી સીઝનલ ના લાભ માટેનુ એચ.ટી. બીલીંગ સીસ્ટમમાં સીઝનલ ઇનપુટ આપવામાં આવેલ છે. જેમાં એપ્રીલ-૨૦૨૧ થી સપ્ટે-૨૦૨૧ દરમ્યાન ઓફ પીરીયડ લીધેલ છે. બાદમાં જાન્યુઆરી-૨૦૨૨ ના બીલમાં આ મુજબના સીઝનલ ગ્રાહકો હોય તેમની સીઝનલ વાર્ષીક ચાર્જની ગણતરી થતી હોય છે. જે એચ.ટી. બીલીંગ સીસ્ટમમાં આપેલ ઇનપુટ મુજબ ગણતરી ઓટોમેટીક થતી હોય છે. આમ આ કેઇસમાં બીલીંગ સીસ્ટમ દ્વારા ગ્રાહકના જાન્યુઆરી- ૨૦૨૧ થી માર્ચ- ૨૦૨૧ ના પીરીયડનો વપરાશ ગણતરીમાં સીઝનલ પીરીયડમાં ગણી શકાય નહી કારણ કે તેમની અરજી જ એપ્રીલ-૨૦૨૧ માં તા. ૦૭.૦૪.૨૦૨૧ ના રોજ થયેલ છે. જીઈઆરસી ના સપ્લાય કોડની કલમ ૧૩.૧૧.૩ મુજબ અને ટેરીફ શેડયુલ મુજબ ૧ (કિ.વો. રૂા. ૪૫૫૦.૦૦ ( વાર્ષીક ) ભરવાના હોય છે. જે મુજબ ગ્રાહકના ૨૫૦ (કિ.વો. ના ૮૫% લેખે ૨૧૩ (કિ.વો. ના વાર્ષીક ચાર્જ ૯ માસના (૪૫૫૦*૯*૨૧૩/૧૨=૭૨૬૮૬૨.૫૦) ભરવાના થાય છે. જેની સામે ગ્રાહકે ઓકટો-૨૧ થી ડીસે-૨૧ સુધીમાં કરેલ વપરાશ રૂા. ૧૬૩૪૦૬.૦૦( એનર્જી અને ડિમાન્ડ ) બાદ કરતાં રૂા. ૫૬૩૪૫૬.૫૦ તે ભરવા પાત્ર થાય છે. કંપનીના નિયમ મુજબ સીઝનલ પીરીયડ જાન્યુઆરી થી ડીસેમ્બર એમ ૧૨ માસની ગણતરી કરવામાં આવે છે. સદર રકમ ગ્રાહકના જાન્યુઆરી-૨૨ ના બીલમાં ઓટો ડેબીટ થયેલ છે. આથી અમારે સદર રકમ જમા આપવાની થતી નથી પરંતુ વસુલવા પાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી તેમજ પીજીવીસીએલ ની રજુઆત મુજબ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ જીઈઆરસી સપ્લાય કોડ ની કલમ ૧૩.૧૧.૩ મુજબ તેમજ કંપની ના ટેરિફ શેડયુલ મુજબ અરજદાર શ્રી ને સીઝનલ તરીકે નું જે વીજ બિલ આપવામાં આવેલ છે.તે યોગ્ય જણાય છે. અને તે અરજદારે ભરવાપાત્ર થાય છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.આઈ.ઉપાધ્યાય | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh